| Volume 7 | Issue 1 | FEB. 2025

MAKTABAH JAFARIYAH Knowledge & Research Academy

The International Journal

ISSN 2581-4354

મીર અનીસ: હયાતી અને કાવ્યકલા વચ્ચેનો અનોખો સંગમ

હસનઅલી રોશનઅલી થરાદરા (આસી. પ્રોફેસર)

Jafari Arts & Commerce College
Maktabah Jafariyah knowledge & Research Academy

સાર સંક્ષેપ્ત :

જનાબ મીર અનીસ ઉર્દુ સાહિત્યના મોટા મરસિયાનિગાર હતા. આજ સુધી એમના જેવી મરસિયાનિગારી કોઈ શાયર એ કરી નથી. તેમની મરસિયાનિગારી મોટા ભાગે એહલેબૈય્ત (અ.સ) પર જોવા મળે છે. એમની મરસિયાનિગારીમાં ફસાહત અને બલાગત જોવા મળે છે. એમના મરસિયામાં સરાપા, કિરદાર, જઝ્બાત, મંઝર, વાકયા, રઝ્મ વગેરે પ્રકારની ખાસિયતો જોવા મળે છે. એમના લખાણ તરફ આપણું ધ્યાન દોરીએ તો આપણે એમાં ફસાહત અને બલાગત, ઈહામ (જેના બે મતલબ હોય એમાંથી જે દૂરનો મતલબ હોય એને લેવો), મુબાલ્ગાહ, તાલ્લી (ખુદની તઅરીફ કરવી), તશ્બીહ (એક વસ્તુને બીજી વસ્તુ સાથે સરખામણી કરવી) વગેરે... જેવી વસ્તુઓ જોવા મળશે. મીર અનીસે ઉર્દુ ભાષાને શબ્દનો એક મોટો સંગ્રહ આપ્યો છે. મીર અનીસના મરસિયામાં કરબલાની તારીખનું વર્ણન એવી રીતે જોવા મળે છે કે જાણે તેઓ એ ઘટનાને રૂબરૂ જોઈ ન હોઈ ? એવા અંદાજમાં તારીખના પાના ઉપર જોવા મળે છે.

આપણે મોહર્રમમાં મીર અનીસ સાહેબના મરસિયા પઢીએ છીએ પરંતુ તેમનો મરતબો શું છે? અને તેઓએ ઉર્દુ ભાષાને કેટલા હદ સુધી બુલંદી પર લઇ ગયા? એ વસ્તુથી આપણે તમામ લોકો અજાણ છીએ, તો એવા ઉર્દુ સાહિત્યના મહાન શાયર જનાબ મીર બબ્બર અલી અનીસનુ એક સાહિત્ય વિશ્લેષણ જે એમની કૃતિઓ પરથી આ સંશોધન પેપરમાં લેવામાં આવ્યું છે.

ચાવીરૂપ શબ્દો: અનીસ / કરબલા / મરસિયા / મરસિયાનિગારી.

પ્રસ્તાવના:

અનીસ સાહેબની જીંદગી:

મીર અનીસ કે જેમનું પૂરું નામ મીર બબ્બર અલી અનીસ હતું. તેમના પિતાનું નામ મીર મુસ્તહસીન ખલિક હતું. જેઓ ખુદ મરસિયાનિગારીમાં સર્વશ્રેષ્ઠ હતા. મીર અનીસના દાદા કે જેમનું અસલ નામ મીર ગુલામ હસન હતું, પરંતુ લોકો તેમને મીર હસનના નામથી ઓળખતા હતા. તેમને પણ ઉર્દુ શાયરીમાં ખુબજ શોખ હતો. તેમની એક મશહુર મસ્નવી જેનું નામ “સહરુલ બયાન” છે. તેમાં ૩૮ અશઆર અલ્લાહની હમ્દના, ૨૬ અશઆર હઝરત મોહમ્મદ મુસ્તફાની શાનમાં, ૧૯ અશઆર હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ) ની શાનમાં અને ૧૪ અશઆર અસહાબોની શાનમા વગેરે.... જોવા મળે છે. તેમના પિતાએ તેમને ઉસ્તાદ ખ્વાજા મીર દર્દને સુપ્રત કરી

દીધા અને તેમની તમામ ખુબીઓ તેમના નવાસા મીર અનીસમાં પણ જોવા મળે છે. મીર અનીસનો જન્મ હિ.સ.૧૮૦૩ માં ફૈઝાબાદ શહેરમાં થયો હતો. ફૈઝાબાદ કે જે ઉત્તરપ્રદેશમાં આવેલું એક શહેર છે. તેમની પૈદાઈશી તારીખમાં ઘણો મતભેદ જોવા મળે છે. સાહિત્યના વિવિધ જીવનચરિત્રકારો અને ઈતિહાસકારોની નોંધપાત્ર કિતાબોમાં હિ.સ.૧૮૦૧, હિ.સ.૧૮૦૨ અને હિ.સ.૧૮૦૫ જોવા મળે છે. પરંતુ માન્ય કિતાબોમાં હિ.સ.૧૮૦૩ નો ઉલ્લેખ વધારે જોવા મળે છે.

લખનઉમાં દાસ્તાન, મસ્નવી અને મુશાયરાનો આમ રિવાજ હતો, અને જે શખ્સ પઢતો હોઈ તે સંભાળનાર લોકોનું મન પોતાના તરફ ખેંચી નાખતો અને આ બધી વસ્તુઓ રાતના સમયમાં વધારે જોવા મળતી હતી. જેવી રીતે મીર અનીસ જયારે બંધ કમરામાં પોતાના દાદા મીર હસન મીરની મસ્નવી પઢતા તો રસ્તા પરથી પસાર થતા લોકો ત્યાં ઉભા થઈ જતા અને કલાકો સુધી મીર અનીસને સાંભળતા હતા.

મીર અનીસ પોતાનું કામ મોટા ભાગે રાત્રીઓમાં જ કરતા હતા. તેમની પાસે બે હજાર કિમતી અને નાયાબ કિતાબોનો સંગ્રહ મૌજૂદ હતો. મોડી રાત્રીઓમાં પોતાનું કામ કરતા અને નમાઝે સુબ્હ પછી આરામ કરતા હતા. અને બપોરના સમયે પોતાના વિદ્યાર્થીઓ અને દીકરાઓના લખાણની ચકાસણી કરતા હતા. મીર અનીસના મરસિયાનો સંગ્રહ ૧૨૦૦ બતાવામાં આવ્યો છે જેમાં અમુક મરસિયાઓ પ્રકાશિત થયા નથી. એમને "ખુદા-એ-સુખન" ના નામથી પણ ઓળખવામાં આવે છે. તેઓ મરસિયા સિવાય સલામ, રુબાયાત, કસીદા અને નહવાઓ પર પણ કામ કરેલું છે. એમને ૬૦૦ થી વધારે રુબાયતો લખી છે. અને પહેલા ઈમામ હઝરત અમીરુલ મોઅમીનીન અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ) પર પણ મર્સિયો લખેલો છે. પિતા પછી એમના દીકરા મીર નફીસએ આ હોદ્દાને સંભાળ્યો અને મરસિયાનિગારીમાં નામ બનાવ્યું અને મશહુર થયા.

એવું પણ જાણવા મળે છે કે મોટા મોટા બાદશાહો, માલદાર લોકો, અને મોટા મોટા જાગીરદારો મીર અનીસને મજલીસ પઢવા માટે આમંત્રણ આપતા હતા, પરંતુ તેઓ સાફ ઈન્કાર કરી દેતા હતા, કારણ કે એમને બહાર જઈને પઢવું પસંદ ન હતું. પરંતુ સમયનું શું કહેવું? છેવટે દેશની ક્રાંતિ પછી મજબૂરીમાં નવાબ તેલ્વર જંગના કહેવા પર હૈદરાબાદની સફર કરી. અનીસ સાહેબે ફક્ત હૈદરાબાદ જ નહિ પરંતુ અલ્હાબાદ, લખનઉ અને પટનાની પણ સફર કરી. આ સફર ઈ.સ.૧૮૫૮ કે ઈ.સ.૧૮૫૯ માં કરી, એ સમયે તેમની ઉમ્ર ૫૫ વર્ષની હતી એટલે કે આધેડ ઉમરે પોંહચી ગયા હતા. અલ્લાહ સિવાય કોઈની પાસે હાથ લંબાવતા ન હતા, જે પણ માગ્યું છે ફક્ત અલ્લાહથી જ માગ્યું છે. એવું જાણવા મળે છે કે એમનુ હસબ નસબ (એટેલે એમની પેઢી) ૮ માં ઈમામ હઝરત અલી રઝા (અ.સ.) થી મળે છે. મીર અનીસની ભાષામાં ફસાહત અને બલાગત એવી રીતે જોવા મળે છે કે જાણે એમના ઘરના દસ્તરખ્વાન પરનું નમક ન હોઈ !

(MANUU M.A SEM-1 CLASSIKI ASNAF E SHER)

મીર અનીસ પોતાના સમયમાં હોશિયાર અને મશહુર મરસિયાનિગારી હતા. શરૂઆતમાં તેઓને ગઝલ સાથે ખૂબ જ લગાવ હતો, પરંતુ તેમના પિતાએ તેમને મરસિયા પઢવાની સલાહ આપી. તેઓ તેમના પિતાના હુકમ મુજબ ગઝલ લખવાનું ઓછુ કરી અને મરસિયા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમના બેટા મીર નફીસની વિલાદત પછી તેઓ પહેલો મર્સિયો પઢવા અઝીમાબાદ ગયા હતા. મીર અનીસનો પહેલો શેર જે ૭ કે ૮ વર્ષ ની ઉમરે કહ્યો હતો, જેને અમુક લોકો માન્ય રાખે છે અને અમુક લોકો રાખતા નથી. જે નીચે મુજબ છે :

افسوس کہ دنیا سے سفر کر گئی بکری
آنکھیں تو کھلی رہ گئی پر مر گئی بکری

તેમના અવાજનું તો શું કહેવું ?

- લખનઉ શહેરના એક બુઝુર્ગ વ્યક્તિ જેમનું નામ સયૈદ મોહંમદ જાફર કહે છે, કે હું બાળપણમાં એમને મરસિયા પઢતા જોયા

તો એમનો અવાજ એવો હતો કે કોઈ માણસની સાથે તુલના ન કરી શકાય. એમના અવાજની સામે પક્ષીઓનો અવાજ પણ ફીકો પડતો હતો.

- મૌલાના મોહંમદ હુસૈન આઝાદ પોતાની કિતાબ “આબે હયાતમાં” લખે છે કે લખનઉમાં હું પોતે મીર અનીસને પઢતા જોયા અને એમના કમાલ અને કલામનુ શું વર્ણન કરું? જયારે મીર અનીસ મિંબર પર બેસીને પઢી રહ્યા હતા, ત્યારે લોકોને એવું લાગતું હતું કે જાણે જાદુ ન કરી રહ્યા હોઈ?
- જોશ મલીહાબાદી એ મીર અનીસના માટે એક શેર લખ્યો છે:

اے دیار لفظ و معنی کے رئیس ابن رئیس　　　اے امین کربلا، باطل فگار و حق نویس

ناظم کرسی نشین و شاعریزداں جلیس　　　عظمت آل محمد کے مورخ اے انیس

تیری ہر موج نفس روح الامیں کی جان ہے

تو مری ہوی اردو زباں کا بولتا قرآن ہے

- મીર અનીસનો શેર :

ہے کون سا وہ فخر کہ زیبا نہیں ہم کو　　　وہ ک-یا ہے جو اللہ نے بخشا نہیں ہ-م کو

واللہ کسی چیز کی پروا نہیں ہم کو　　　کیا بات ہے خود خواہشِ دنیا نہیں ہم کو

غافل ہے وہ دنیا کے مزے جس نے لیے ہیں

بابا ن-ے میرے تین طلاق اس کو دیئے ہیں

મીર અનીસના મિજાઝ વિષે જોઈએ તો જાણવા મળશે કે લખનઉની બહાર મજલીસ પઢવી તેમને હરગીજ પસંદ ન હતુ. જયારે અનીસ પોતાના મરસિયામાં જમીન, આસમાન, જંગલ, ફૂરાત, તલવારબાઝી, નેઝાબાઝી, ઘોડાઓનું હલન ચલન અને હમલાવર વગેરે નું વર્ણન કરતા ત્યારે સાંભળનારા લોકો પોતાની આંખે એ મંઝરને નિહાળતા હોઈ એવું લાગતુ હતું અને તેઓ લોકોની સામે એવો માહોલ બનાવતા કે લોકો મજલીસોમાં ઉભા થઈ જતા અને સ્તબ્ધ થઈ જતા હતા.

મરસિયાખ્વાહ (મર્સિયો પઢનાર) માટે જરૂરી છે કે અવાજ, લહેજો, શબ્દના ઉચ્ચારો, આંખોના ઈશારાઓ પર કાબુ રાખે. આ જ ખુબીઓ મીર અનીસ સાહેબમાં ભરપુર જોવા મળતી હતી. આ વાતનો પુરાવો તે સમયના મોટા મોટા શાયરો અને સાહિત્યકારો આપતા હતા અને કહેતા હતા કે અમે આજ સુધી આવા મરસિયાનિગારને ક્યારેય જોયા નથી. તેમને સૌથી વધારે મરસિયા કરબલાના બનાવ પર લખ્યા છે. એમના મરસિયામાં વિવિધ પાત્રોના કિરદાર, બનાવો, મુકાલમાં (બે કે બે થી વધારે લોકોની વાતચીત) વગેરે જેવી વસ્તુઓ જોવા મળશે. આપણે આ બધી વસ્તુઓને વિસ્તાર પૂર્વક નિહાળીએ.

સરાપાનીગારી : સરાપો એટલે માથેથી લઈને પગ સુધીનું વર્ણન. મીર અનીસ પોતાના મરસિયામાં સરાપાનીગારીને

ઘણીવાર ટાળી છે. અને ખાસ કરીને રસુલે ખુદા અને અઈમ્માના સરાપાને આદરપૂર્વક ટાળી છે. પરંતુ હા હઝરત ઈમામ હુસૈન (અ.સ) ના ખાનદાન અને સાથીઓના સરાપા બખૂબી લખ્યા છે. અને એમાં હઝરત અલી અકબર (અ.સ), હઝરત કસિમ (અ.સ) અને હઝરત અબ્બાસ અલમદાર (અ.સ)ના સરાપા જુસ્સા અને સમર્પણની સાથે લખેલા છે.

ઉદાહરણ:

وہ چاند سے ماتھے، وہ قبائیں وہ عبائیں تسبیحیں تو ہاتھو میں، زبانوں پہ دعائیں

تن پھول سے، غنچوں کی طرح تنگ قبائیں بس جائے وہ سب راہ، یہ جس راہ سے جائیں

نور مہ کامل کبھی سینے کو نہ پہنچے
بو ایسی کہ عطر ان کے پسینے کو نہ پہنچے

કિરદારનીગારી : કિરદાર એટલે વ્યક્તિનું પાત્ર અથવા ભૂમિકા. મરસિયામાં ન તો અલૌકિક સંબંધ જોવા મળે છે કે ન તો કાલ્પનિક પાત્ર જોવા મળે છે, પરંતુ જેમ ઘટના ઘટી હતી એજ ઘટનાના આધારે વ્યક્તિનો કિરદાર દર્શાવામાં આવ્યો છે. દા.ત. 'જેવી રીતે ઈમામ હુસૈન (અ.સ) નું જૂઝ લશ્કર અને યઝીદના લાખો સૈનિકો.' હઝરત ઈમામ હુસૈન (અ.સ) ઈચ્છતા તો પળવારમાં લાખો યઝીદી સૈનિકોને ખત્મ કરી દેતા, પરંતુ તેમણે એવું ન કર્યું પણ ઈન્સાફભર્યું કામ કરીને ગયા. કિરદારનીગારીમાં જો સર્વશ્રેષ્ઠ પાત્ર હોઈ તો એ ફક્ત હઝરત ઈમામ હુસૈન (અ.સ) નું છે તેમજ સ્ત્રીઓમાં હઝરત ઝૈનબ (સ.અ.) નું છે, કે જેઓ ઈમામ હુસૈન (અ.સ)ના બહેન હતા. ત્યાર પછી અલમદારમાં હઝરત અબ્બાસ (અ.સ) નો છે. કરબલાની જે ઘટના છે તે હઝરત ઈમામ હુસૈન (અ.સ) પર આધારિત છે. કેમ કે તેમનો કિરદાર જ એવો હતો. અને તાઅજ્જુબની વાત એ છે કે ઈમામના કિરદારને મીર અનીસે અલગ અલગ રીતે વર્ણવ્યા છે.

ઉદાહરણ

એક વર્ણન સુબ્હની નમાઝ પછીનું જોઈએ તો ઈમામ શહીદોને દાવત આપે છે જીવ કુરબાન કરવાની, જાણે કે તેઓ કરબલાના મકસદ માટે જ પૈદા ન થયા હોઈ ! આપણે તેનું એક ઉદાહરણ શાયરી ધ્વારા સમજીએ.

ہاں غازیوں! یہ دن ہے جدال و قتال کا یاں خوں بہے گا آج محمد کی آل کا

چہرہ خوشی سے سرخ ہے زہرا کے لال کا گزری شب فراق، دن آیا وصال کا

ہم وہ ہیں غم کریں گے ملک جن کے واسطے
راتیں تڑپ کے کاٹی ہیں اس دن کے واسطے

જઝબાતનીગારી : જઝબાત એટલે વ્યક્તિની લાગણીશીલતા, ભાવના વગેરે.. કરબલાની ઘટના એક દર્દ ભરેલી ઘટના છે. મુસીબતના સમયે જઝબાત એવા હોઈ છે કે જેને છુપાવી શકાતા નથી, એ તમારી આંખોમાં આંસુ લાવી જ દે છે. હઝરત ઈમામ હુસૈન (અ.સ) ના સાથે બાળકો, ઔરતો, બુઝુર્ગો અને નવજુવાનો લશ્કરમાં શામિલ હતા.

બધાની ભાવના અલગ અલગ હતી પરંતુ મકસદ એક જ હતો, શહાદત! આ ઘટનામાં ગુસ્સો, ઉદાસી, મોહબ્બત, ખુશી, નફરત, શરમ અને માફી વગેરે જેવા જઝબાત તમને જોવા મળશે પરંતુ મીર અનીસનો કમાલ એ છે કે તેઓ ઘટના પર થયેલા જઝબાતને ખુબ સારી રીતે વર્ણવ્યા છે. એ કહેવું વધારે સૂચિત રહેશે કે ફક્ત કરબલાના શહીદો પરના જઝબાતને વર્ણન કર્યા નથી, પરંતુ તેઓ દરેક માણસના અમલને વર્ણવ્યા છે.

ઉદાહરણ

હઝરત ઝૈનબ (સ.અ.) એવા શેરદિલ સ્ત્રી હતા કે તેમના ભાઈને મુસીબતમાં સપડાયેલા જોઈ અલ્લાહ પાસે દુઆ માગે છે જેમા મીર અનીસ હઝરત ઝૈનબ (સ.અ.) ના શબ્દોને અહી કલમબંદ કરે છે.

سر پر نہ اب علی، نہ رسول فلک وقار — گھر لٹ گیا، گزر گئیں خاتونِ روزگار

اماں کے بعد روئی حسن کو میں سوگوار — دنیا میں اب حسین ہے ان سب کی یادگار

تو داد دے میری کہ عدالت پناہ ہے

کچھ اس پہ بن گئی، تو یہ مجمع تباہ ہے

એમની એક એક પંક્તિમાં ફસાહત અને બલાગત જોવા મળશે. ભાઈ-ભાઈની લાગણી, બેટા-બાપની લાગણી, ભાઈ- બહેનની લાગણી, કાકા-ભત્રીજાની લાગણી, મામા-ભાણીયાઓની લાગણી, મિત્ર-મિત્ર સાથેની લાગણી, ગુલામ અને આકા વચ્ચેની લાગણી. આ તમામ લાગણીઓને મીર અનીસ સાહબે પોતાના મરસિયાઓમાં ખુબજ સારી રીતે વર્ણન કર્યું છે.

મંઝરનીગારી : મંઝર એટલે તમારી આંખોથી જોયેલી વસ્તુ. ઉર્દૂ ભાષામાં મર્સિયો એક એવો પ્રકાર છે જેમાં મંઝરનીગારીનું ખૂબ જ કામ થયું છે. વિરાન કરબલાની જમીનની માટી, વુક્ષ અને જંગલ જેવી વસ્તુઓનું દૃશ્યાવલિ તો આસાન છે પરંતુ લોકોનો પરિચય આપવો ખૂબ જ મુશ્કેલ છે, અને તેની અંદર જ મીર અનીસે મહારત હાસિલ કરી. કરબલામાં જંગના સમયે સૂરજનું વર્ણન, માટીનું વર્ણન અને ગરમીનું વર્ણન સિવાય આપણે બીજું શું વિચારી શકીએ? પરંતુ અનીસ સાહેબે આત્મચિંતન વડે કમાલ કરી બતાવ્યો.

ઉદાહરણ

કરબલામાં પરોઢનું (વહેલી સવાર) વર્ણન જોઈએ, મીર અનીસ લખે છે:

وہ صبح اور وہ چھاؤں ستاروں کی اور وہ نور — دیکھے تو غش کرے ارنی گوے اوج طور

پیدا گلوں سے قدرت اللہ کا ظہور — وہ جا بجا درختوں پہ تسبیح خواں طیور

گلشن خجل تھے وادی مینو اساس سے

جنگل تھا بسا ہوا پھولوں کی باس سے

وہ دشت وہ نسیم کے جھونکے وہ سبزہ زار　　　　پھولوں پہ جا بجا وہ گہر ہائے آب۔دار

اٹھنا وہ جھوم جھوم کے شاخوں کا بار بار　　　　بالائے نخل ایک جو بلبل تو گل ہزار

خ۔واہاں تھے نخل گلشن زہرا ج۔و آب کے
شبنم نے بھر دیے تھے کٹورے گلاب کے

વાક્યાનીગારી : વાક્યાનીગારીમાં ભાવનાનું હોવું જરૂરી છે. વાક્યો એટલે ફક્ત નઝરે જોવું એટલુ જ નહિ પરંતુ તેને વિસ્તારપૂર્વક લોકોની સામે રજુ કરવું. વાક્યાની અંદર કવિ પોતાના અવલોકન અને કલ્પના દ્વારા એવો રંગ ચડાવે છે જાણે કે તે ત્યાં મૌજૂદ હોય. અનીસ સાહેબ જ્યાં જ્યાં વાક્યનીગારી કરી છે જાણે કે તે કરબલાની અંદર મૌજૂદ ન હોઈ એ રીતે લોકોના આંખોની સામે નકશો બનાવી ગયા.

ઉદાહરણ

હઝરત અબ્બાસ (અ.સ)ના હાથમાં અલમ આપી અલમદાર બનાવાનો સમય આવી ગયો. એવા સમયે ઔન (અ.સ) અને મોહમ્મદ (અ.સ) ની ઈચ્છા હતી કે અલમ અમને મળે. પરંતુ તેમની ઉમ્ર નાની હોવાના કારણે તેઓ ઈમામ હુસૈન (અ.સ) થી દિલ ખોલીને વાત કરી શક્યા નહિ, પરંતુ તેમની માતા હઝરત ઝૈનબ (સ.અ) ને ઈશારા ઈશારામાં પોતાની ઈચ્છાને વ્યક્ત કરે છે. તેને મીર અનીસ કઈક આ રીતે વર્ણવે છે.

گہہ ماں کو دیکھتے تھے کبھی جانب علم　　　　نعرہ کبھی یہ تھا کہ نثار شہ امم

کرتے تھے دونوں بھائی کبھی مشورے بہم　　　　آہستہ پوچھتے کبھی ماں سے وہ ذی حشم

کیا قصد ہے علی ولی کے ن۔شان کا ؟
اماں! کسے ملے گا علم نانا جان کا

ત્યાર પછી હઝરત ઝૈનબ (સ.અ.) આ ઈશારો જોઈને ગભરાઈ જાય છે, અને પોતાના બાળકોને ચેતવે છે અને કહે છે કે પોતાની ઉમ્ર અને હોંસલાથી વધારે ઈચ્છા રાખવી એ યોગ્ય નથી. આ વાક્યાને મીર અનીસ સાહેબ ખૂબ જ સુંદરતાની સાથે વર્ણવ્યો છે અને સાથે સાથે ઈન્સાનની ખ્વાહિશ નો પણ સબક આપ્યો છે.

عمریں قلیل اور ہوس منصب جلیل　　　　اچھا نکالو قد کے بھی بڑھنے کی کچھ سبیل

ماں صدقے جائے گرچہ یہ ہمت کی ہے دلیل　　　　ہاں اپنے ہم سنوں میں تمہارا نہیں عدیل

لازم ہے سوچے، غور کرے، پیش و پس کرے
!جو ہو سکے نہ، کیوں بشر اس کی ہوس کرے

મુકાલમાનીગારી : મુકાલમા એટલે એક બીજા જોડે વાતચીત કરવી. મુકાલમાનીગારી ફક્ત ભાષા અને સંવાદ પર જ આધાર નથી પરંતુ મુહાવરા, માણસની ઈચ્છા, સ્પષ્ટતા અને સુંદરતા પણ એટલુ જ જરૂરી છે. અનીસ સાહેબે

પોતાના મરસિયામાં આ બધી જ બાબતોનુ ધ્યાન રાખ્યું છે. ખુદાએ સુખન ઉર્ફે મીર અનીસ માટે આ કામ ખૂબ જ મુશ્કેલ હતું કેમ કે એમનું ચાલ ચલન સામાન્ય માણસ જેવું ન હતુ, કારણ કે હસી-મઝાક, રમૂજી, અશ્લીલતા, કાવતરા અને દુશ્મનાવટ જેવી નકારાત્મક લાગણીઓને મરસિયાથી અલિપ્ત રાખી છે. મીર અનીસ સાહેબના મરસિયા પ્રમાણભૂત અને ઉચ્ચ ગુણવત્તાવાળા હતા. એમના સંવાદમાં લખનઉની અદબ જોવા મળે છે.

ઉદાહરણ

જયારે હઝરત અબ્બાસ (અ.સ) ને લશ્કરના સરદાર બનાવ્યા ત્યારે તેમના પત્ની હઝરત ઝૈનબ (સ.અ.) નો આભાર વ્યક્ત કરતા ફરમાવે છે.

فیض آپ کا ہے اور تصدق امام کا   عزت بڑھی کنیز کی، رتبہ غلام کا

હવે જવાબ માં હઝરત ઝૈનબ (સ.અ) ફરમાવે છે.

سر کو لگا کے چھاتی سے زینب نے یہ کہا   تو اپنی مانگ کوکھ سے ٹھنڈی رہے صدا

રઝમનીગારી : રઝમ એટલે જંગ, હથિયાર અને બહાદુરીનું વર્ણન. આ વાત મશહુર છે કે મીર અનીસના ઘરમાં એક ઓરડો ફક્ત રઝમનીગારી માટે ઈસ્તેમાલ કરવામાં આવતો હતો. ત્યાં દીવાલો પર અલગ-અલગ પ્રકારના હથિયારો લાગેલા રહેતા અને તે હથિયારો ચલાવતા મીર અનીસને ખુબ સારી રીતે આવડતા હતા. જયારે તેઓ રઝમીયા પંક્તિઓને લખતા ત્યારે એમના પર એક અલગ જ રંગ હાવી થઇ જતો જેથી તેઓ પોતાને એ ઓરડામાં બંધ કરી દેતા હતા. એ સમયે કોઈ ની તાકાત નહોતી કે ઓરડાના દરવાજા પર દસ્તક આપે અથવા તેમના જોડે વાત કરે. મીર અનીસે ઉર્દુ શાયરીને રઝમીયાના પ્રકારથી માલા માલ કરી નાખી. અને મરસિયામાં જો સૌથી વધારે લાંબો પ્રકાર હોઈ તો તે રઝમીયા નો પ્રકાર છે એવું મીર અનીસ પોતે પણ કહે છે.

رزم ایسی ہو کہ دل سب کے پھڑک جائیں ابھی   بجلیاں تیغوں کی آنکھوں میں چمک جائیں ابھی

ઉદાહરણ

મીર અનીસના મરસિયાખ્વાનીનો અર્થ માત્ર લોકોને રડાવવાનો જ ન હતો, પરંતુ લોકોને હકના રસ્તા તરફ દાવત આપવી અને હઝરત ઈમામ હુસૈન (અ.સ) એ સબ્ર અને હિંમતની સાથે ઝુલ્મ, શર અને બદીનો જે મુકાબલો કર્યો હતો, તેવો હોંસલો લોકોમાં પૈદા કરવો. અને તેઓ આમા ઘણી હદ સુધી કામિયાબ થયા.

طاقت اگر دکھا دوں رسالت مآب کی   رکھ دوں زمین پہ چیر کے ڈھال آفتاب کی

હઝરત ઔન અને મોહંમદ કે જેઓ આઠ અથવા નવ વર્ષના હતા એમના જંગને મીર અનીસ એક જુદા જ અંદાજમાં રજૂ કરે છે.

وہ چھوٹے چھوٹے ہاتھ وہ گوری کلائیاں   آفت کی پھرتیاں تھیں غضب کی صفائیاں

ڈر ڈر کے کاٹتے تھے کماں کش کـ۔نائیاں   فوجوں میں تھیں نبی و علی کی دہائیاں

ઈમામ હુસૈન (અ.સ) દુશ્મનોને લલકારીને કહે છે.

لو! سیل کو اور برق شرر بار کو روکو　　　رہوار کو روکو، میری تلوار کو روکو!

મીર અનીસનો શજરો :



- મીર ઈમામી મુસવી શાહજહાંના સમયમાં ઈરાનથી હિંદુસ્તાન આવ્યા અને ત્યાંના રહેવાસી થઈ ગયા. એમની ભાષા ફારસી હતી, પરંતુ હિંદુસ્તાનના માહોલમાં રહીને તેમની બે નસ્લો પછી એમના ઘરોમાં ફસીહ અને બલીગ ઉર્દુ બોલાવા લાગ્યું. એમના એક દીકરા હતા જેમનું નામ મીર હિદાયતુલ્લાહ હતુ.
- મીર હિદાયતુલ્લાહ ને એક દીકરો હતો જેમનુ નામ મીર અઝીઝુલ્લાહ હતુ.
- મીર અઝીઝુલ્લાહ ને પણ એક દીકરો હતો જેમનું નામ મીર ગુલામ અલી ઝાહિક હતું, કે જેઓ ઉર્દુના મહાન શાયર હતા અને તેમના સમયમાં મીર તકી મીર અને મીરઝા સૌદા હતા.
- મીર ઝાહિકના દીકરા મીર હસન મીર જેઓ મસ્નવી નિગાર હતા. મસ્નવી એટલે લાંબા લાંબા કિસ્સાઓ નું વર્ણન જોવા મળે, અને મીર હસન મીર ની મશહુર મસ્નવી “સહરુલ બયાન” છે. તેઓ મસ્નવીનિગારની સાથે સાથે ગઝલ-ગો, કસીદાનિગાર, રૂબાઈ-ગો અને મરસિયાનિગાર પણ હતા.
- મીર હસનના ચાર દીકરાઓ હતા જેમાં સૌથી મહાન મીર ખલિક હતા. તેમને ગઝલ, મરસિયા અને સલામો લખી છે. કિતાબોના હવાલાથી એ પણ જાણવા મળ્યું છે કે તેમને ત્રણસો (૩૦૦) મરસિયા લખ્યા છે અને આજે લાયબ્રેરીઓમાં મૌજૂદ છે.

- મીર ખાલિકના ત્રણ દીકરાઓ હતા એકનું નામ મીર મહર અલી અનસ હતું, બીજાનુ નામ મીર નવાબ અલી મુનસ હતું.અને ત્રીજાનું નામ મીર બબ્બર અલી અનીસ હતું. ત્રણે દીકરાઓ ઉર્દુ સાહિત્યમાં ખુબજ મોટુ કામ કરી બતાવ્યું. જેમાં શાયરે આઝમ મીર અનીસ હતા. તેમને "ખુદા-એ-સુખન" નો લકબ પણ મળ્યો છે. તેઓએ ઉર્દુ શાયરીને જમીન થી આસમાન બનાવી દીધી. મીર અનીસ લખે છે:

میری قدر کر اے زمین سخن   تجھے بات میں آسمان کر دیا

- મીર અનીસને પણ દીકરાઓ હતા અને તેઓએ પણ ખુબ સારી રીતે પોતાના પિતાની ફરજોને પૂરી કરી.

આપણે જોઈ શકીએ છીએ કે તેમના ખાનદાનનો માહોલ જ શેર શાયરીથી ભરેલો હતો અને આનો અંદાજો મીર અનીસ સાહેબની આ પંક્તિઓ પરથી લગાવી શકાય છે.

نمک خوان تکلم ہے، فصاحت میری   ناطقے بند ہیں سن سن کے بلاغت میری

رنگ اڑتے ہیں وہ رنگیں ہے عبارت میری   شور جس کا ہے وہ دریا ہے طبیعت میری

عمر گزری ہے اسی دشت کی سیاحی میں

پانچویں پشت ہے شبیرؑ کی مداحی میں

(URDU REKHTA)

પહેલી અને બીજી પંક્તિમાં એમની ફસાહત અને બલાગત બતાવી છે. ત્રીજી અને ચોથી પંક્તિમાં ખુદની તારીફનો ઉલ્લેખ કર્યો છે. પાંચમી અને છઠ્ઠી પંક્તિમાં હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની શાનમાં કયા સમયથી શાયરી લખાવનું શરુ કર્યુ એનો ઉલ્લેખ કર્યો છે.

મીર અનીસનું ઈલ્મ:

એમને ઉચ્ચ અખ્લાકની તરબિયત બચપણમાં એમની માતાએ આપી હતી. મીર મુસ્તહસીનના પત્ની અખ્લાકી અને તાલીમી રીતે તેઓ દરેક વસ્તુઓને જાણતા હતા. તાલીમ અને તરબિયત તેમને વક્તના પાબંદ, તેહઝીબવાળા અને મહેનતુ બનાવી દીધા હતા. જયારે તેઓ ફૈઝાબાદમાં હતા ત્યારે તેમના પહેલા ઉસ્તાદ મોલવી મીર નજફ અલી હતા. એમના પિતાથી એમને મરસિયા ગોઈ, નઝમ ગોઈ, ગઝલ અને શેર-શાયરી માં ખુબ મહારત હાસિલ કરી. જયારે મીર અનીસ ૧૭ વર્ષના થયા ત્યારે તેમના પિતા તેમને લખનઉનો સફર કરાવ્યો. અનીસને તેમના પિતા દરેક વસ્તુમાં મદદરૂપ થયા છે. ત્યાં તેમની તાલીમ માટે ઉસ્તાદ મૌલાના હૈદર અલી અને મુફ્તી મોહમ્મદ અબ્બાસ હતા જેમની પાસેથી મીર અનીસ અરબી અને ફારસી ભાષા સારી રીતે શીખ્યા.

એમના મરસિયામાં સર્ફ, નહ્વ, ઈલ્મે ઉરૂજ, કફિયા, રદીફ, તરકીબો, સનાએ વ બદાએ (કલામમાં બારીકીયોને જાણવી), મુહાવરા, મુહાકાત (મંઝરને આંખોની સામે બતાવવું),વ્યાકરણ વગેરે... આ તમામ વસ્તુઓને ધ્યાનમાં રાખતા અને પછી જ મરસિયા લખવાની શરૂઆત કરતા હતા. અનીસ સાહેબે મરસિયાનિગારી પર એવું કામ કર્યું હતુ કે આવું કામ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ના ઝમાનામાં મરસિયાનીગારોએ પણ કર્યું ન હતું.

અરબી અને ફારસીની સાથે સાથે બીજા ઘણા બધા ઈલ્મ તેઓ જાણતા હતા. કુરઆન અને હદીસનું ઈલ્મ, મંતિક અને ફલ્સફાનું ઈલ્મ, સિપાહગીરીનું ઈલ્મ, વગેરે... આ બધીજ વસ્તુઓ તેમના મરસિયાની અંદર આસાનીથી

જોવા મળે છે. આના સિવાય ઈલ્મે નુજૂમ (તારાઓનું ઈલ્મ), ઈલ્મે તિબ્બ (દવાઓનું ઈલ્મ), ઈલ્મે રમલ (ગૈબનું ઈલ્મ), ઈલ્મે તારીખ વગેરે તેઓ જાણતા હતા. મીર અનીસના મરસિયાઓ પરથી આ દરેક ઈલ્મ સાબિત થાય છે.

મીર અનીસના મરસિયામાં નીચે મુજબની ખાસિયતો જોવા મળે છે.

1. ફસાહત અને બલાગત (સ્પષ્ટતા અને સુંદરતા)
2. ઈહામ (એવા શબ્દો જેના બે અર્થ થતા હોય અને તેમાં દૂરના અર્થનો ઉપયોગ લેવામાં આવતો હોય)
3. મુબાલગાહ (એવા શબ્દો જેના અર્થમાં અત્યંત વધારો કરવામો આવ્યો હોય)
4. તાઅલ્લી (પોતાના અને પોતાની કૃતિના વખાણ કરવા)
5. તઝાદ (વિરુદ્ધાર્થી શબ્દો)
6. તન્સીકુલ સીફાત (વખાણ કરવા)
7. તજનીસે નાકીસ અને ઝાએદા (વાક્યમાં એવા શબ્દો વાપરવા જેમાં એક અક્ષર ઓછો અથવા વધારે હોય)
8. હુસ્ને તાઅલીલ (કોઈ પણ બાબતના વાસ્તવિક સ્વરૂપને શાયરીના સ્વરૂપમાં વર્ણન કરવું)
9. સીયાકતુલ એઅદાદ (વાક્યમાં સંખ્યાનો યોગ્ય ઉપયોગ કરી સુંદરતા લાવવી)
10. તકરાર (વાક્યમાં બે શબ્દોની વચ્ચે તકરાર કરીને ખુબસૂરતી પૈદા કરવી)
11. તશ્બીહ (વાક્યમાં ઉપમા અલંકારનો ઉપયોગ કરવો)
12. ઈસ્તેઆરા (વાક્યમાં રૂપક અલંકારનો ઉપયોગ કરવો)

મીર અનીસની વફાત:

મીર અનીસની વફાત ૧૦ ડીસેમ્બર ઈ.સ.૧૮૭૪ લખનઉમાં થઈ હતી. કિતાબોના આધારે એવું જાણવા મળે છે કે એક મહિનાની ટૂંકી માંદગી પછી તેમની વફાત થઈ. તેમનું જીવન ઈસ્લામિક તારીખ પ્રમાણે ૭૩ વર્ષ અને અંગ્રેજી તારીખ પ્રમાણે ૭૧ વર્ષ રહ્યું. તેમને પોતાના બાગમાં જ દફન કરવામાં આવ્યા છે. એમના વફાતની મજલિસ એમના મિત્ર મિર્ઝા દબીરે મીર બાકીર ઈમામવાડામાં પઢી. મિર્ઝા દબીરે મિસાલ ન મળે એવી તારીખે વફાત લખી જેનો એક શેર ખૂબ જ મશહુર થઈ ગયો અને તે શેરની એક પંક્તિ મીર અનીસની કબ્ર પર લખવામાં આવી છે, જે નીચે મુજબ છે:

آسماں بے ماہ کامل، سدرہ بے روح الامین　　　　طور سینا بے کلیم اللہ، و منبر بے انیس

(MANUU M.A SEM-1 CLASSIKI ASNAF E SHER)

અનીસ અને દબીરમાં એવી મિત્રતા હતી કે લોકો તેમને એક બીજા વિરુધ ઉશ્કેરતા હતા છતાં પણ એમના દિલો પર લોકોની કોઈ વાતની અસર જ થતી ન હતી. બંનેને એક બીજા પ્રત્યે એટલી મોહબ્બત હતી કે અનીસના જવાથી દબીરને ખૂબ જ દુખ થયું અને તેઓ ચારપાઈ સમિત થઈ ગયા અને તેઓ પણ અનીસની વફાતના ત્રણ મહિના પછી આ ફાની દુનિયાને છોડી આખેરત તરફ ચાલ્યા ગયા.

મરસિયાનો ટૂંકો પરિચય:

મરસિયામાં મરવાવાળા વ્યક્તિની સિફતનું બયાન કરવામાં આવે છે. દૌરે જાહીલીમાં અરબી મરસિયાએ ખુબજ

તરક્કી કરી ત્યાર બાદ મરસિયાએ ફારસીમાં જન્મ લીધો અને પછી ઉર્દુમાં આવી પહોચ્યો, નવાઈની વાત એ છે કે મરસિયાએ ઉર્દુમાં ખુબજ પ્રગતિ કરી અને અઝાદારીના તૌર તરીકાને દુનિયાભરમાં આમ કરી દીધી. અનીસ અને દબીર જેવા મરસિયાનીગારો એવા મરસિયા લખ્યા કે તેમની મિસાલ કાયમ થઈ ગઈ. અહી યકીનની સાથે કહેવું મુશ્કેલ છે કે મરસિયાની શરૂઆત કોને કરી અને કઈ રીતે થઈ! હા, એટલું કહી શકાય કે મીર અને સૌદાના પહેલા મરસિયાનો જન્મ થઈ ગયો હતો. મરસિયામાં ઉર્દુ શાયરી અને ઉર્દુ સાહિત્યના તમામ ચિન્હો જોવા મળે છે. ઉર્દુ શાયરીમાં રઝમીયા અશઆરની કમી હતી, (રઝમીયા અશઆર – એ શેર જે મૈદાનમાં જંગ કરતી વખતે પઢવામાં આવે) પરંતુ જેણે મરસિયાએ પૂરી કરી દીધી.

એક લાંબો મરસિયો પઢવા માટે ભાષા અને બયાનની સાથે તેનો હાવભાવ પણ જરૂરી છે. મરસિયો શરૂઆતમાં બે, ત્રણ, ચાર અને પાંચ પંક્તિમાં લખાતો હતો, પછી તેને છ પંક્તિમાં સૌપ્રથમ સૌદાએ પ્રકાશિત કર્યો અને તેના પછી મીર તકી મીર, સિકંદર પંજાબ, અહમદ અને હૈદર દખનીએ લખ્યો જેમાં છ પંક્તિવાળા મરસિયાના લીધે અનીસ અને દબીરના મરસિયા લોકપ્રિય બની ગયા.

મરસિયાના પ્રકારો નીચે મુજબ છે :

૧) ચહેરો (મોઢું)
૨) સરાપો (માથાથી લઈને પગ સુધીનું વર્ણન)
૩) રજઝ (પોતાની અને પોતાના ખાનદાનની તાઅરીફ કરવી)
૪) રઝમ (જંગનું વર્ણન)
૫) શહાદત (મૌત)
૬) બૈન (ફરિયાદ અને રુદન)

મરસિયાના છેલ્લા બે પ્રકાર શહાદત અને બૈન તેના મુખ્ય વિષય છે. મરસિયાનિગારની કામિયાબી મરનાર વ્યક્તિ પર આધારિત છે. આ જ કારણ છે કે લેખક મરસિયાને અસરકારક બનાવવા માટે શહાદત અને બૈન જેવા વિષયો રજૂ કરવામાં પોતાની તમામ શક્તિઓને ખર્ચી નાખે છે. એટલા જ માટે મીર અનીસના મરસિયા દુનિયાભરમાં મશહુર છે, અને કેમ ન હોય! કારણ કે તેઓ જન્નતના જવાનોના સરદાર હઝરત ઈમામ હુસૈન (અ.સ) પર મરસિયા લખ્યા હતા, જેઓ હઝરત રસુલે ખુદાના નવાસા, હઝરત ફાતેમા ઝહરા (સ.અ.)ની આંખોની ઠંડક, હઝરત અમીરુલ મોમીનીન અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ)ના બેટા અને હઝરત ઈમામ હસન (અ.સ) ના ભાઈ હતા.

સમીક્ષા :

અનીસ એક એવા મરસિયાખ્વાન હતા કે જેમના મરસિયા આજે પણ વાંચકોના મગજમા ગુંજી રહ્યા છે અને દિલો પર રાજ કરી રહ્યા છે. તેમની ભાષા પરની પકડ, લાગણીની તીવ્રતા અને ઊંડાણપૂર્વકના વિચારો અત્યારે પણ અદ્વિતીય રહ્યું છે. તેમના સમકાલીન શાયરોમાં તેમનું સ્થાન સર્વોચ રહ્યું છે. જ્યારે મરસિયાનુ નામ લેવામાં આવે છે ત્યારે અચૂક પણે મીર અનીસનુ નામ પણ લેવાય જ છે, અને તેઓએ વાંચકોના હૃદયમાં કાયમી સ્થાન પ્રસ્થાપિત કર્યું છે. તેમના મોટા ભાગના બધાજ મરસિયા કરબલાના વાક્ય પર લખાયેલા છે.

સાહિત્ય સદર્ભ :

ઉર્દૂ સાહિત્યની સમૃદ્ધ પરંપરા અને અનેક શૈલીઓમાં મહત્વનો આધાર છે. મરસિયા એ એક ખાસ શૈલી છે, જેનો ઉર્દૂ સાહિત્યમાં એક આગવું સ્થાન છે. મરસિયા ખાસ કરીને કરબલાની દુઃખદ ઘટના પર શોક વ્યક્ત કરવા માટે લખવામાં આવે છે, અને આ શૈલીના વિકાસમાં મીર અનીસનો મોટા પ્રમાણમાં પ્રભાવ રહ્યો છે. મીર અનીસને ઘણીવાર "ખુદા-એ-સુખન" તરીકે ઓળખવામાં આવે છે.

અનીસની માં પાત્રોના દેખાવ, તેમની ભાવનાઓ, અને પ્રસંગોના વર્ણનનો અનોખો સંયોજન જોવા મળે છે, જે કાવ્યમાં જીવંત દ્રશ્યો ઉભા કરે છે. હઝરત ઇમામ હુસૈન જેવા પાત્રો અને કરબલાની દુઃખદ ઘટનાઓનું વર્ણન અનીસની રચનાઓમાં ખૂબ વાસ્તવિક રીતે કરવામાં આવ્યું છે.

અનીસની કૃતિએ ઉર્દૂ ભાષાને વધુ સમૃદ્ધ બનાવવામાં અને 19મી સદીના ભારતના સામાજિક અને સાંસ્કૃતિક જીવનને પ્રતિબિંબિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમનાં અનોખા ભાષા પ્રયોગોએ તેમની કવિતાને અન્ય સાથીલેખકો કરતા અલગ બનાવ્યું છે.

અનુસંધાનકાર્યમાં કેટલાક પડકારો છે, જેમ કે સાહિત્યના વિશ્લેષણનો વ્યક્તિગત સ્વભાવ અને કવિતાના અનુવાદમાં તેની મૂળ સુંદરતા જાળવી રાખવાની મુશ્કેલી. છતાં, મીર અનીસના મરસિયા આજે પણ મહાન કૃતિઓ તરીકે જાણીતાં છે, અને તે પેઢીઓ સુધી ઉર્દૂ સાહિત્ય પર અસર છોડી છે. તેમના વારસાની વધુ સારી સમજ માટે વધુ સંશોધનની જરૂર છે.

સંદર્ભ સૂચિ:

- Allama Doctor Sayeed Zamir Akhtar Naqwi. khandan-e-mir anees ke namour shoura. Lahore: Iftekhar Book Depot, 1994. Urdu.
- The Study Of Elegies Of Mir Anees. Pakistan, U.S.A, U.K, : Mohsina Memorial Foundation, 2004. English.
- Meer Anees. Marasi Meer Anees. Lucknow: Matba Tej Kumar, 1976. Urdu.
- Nikhath Jahan. Classiki Asnaf -E- Sher. Hyderabad: Directorate of Distance Education Manuu, Urdu.
- Rekhta Foundation. Website : rekhta.org, Urdu, Hindi & English .
- Shibli Nomani. Muwazana-E-Anees-O-Dabeer. Lucknow: Anwarul Matabe, Urdu.
- Wikipedia. Mir Anees. https://en.wikipedia.org/wiki/Mir_Anees#cite_ref-20,